# વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨: નવી દિલ્હીમાં ઉદ્યોગકારો સાથે વન ટુ વન બેઠક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ના પ્રથમ રોડ શોના પ્રારંભે નવી દિલ્હીમાં અગ્રણી ઉદ્યોગ સંચાલકો સાથે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વન ટુ વન બેઠક કરી હતી.

આ બેઠકમાં મારુતિ સુઝૂકી ઇન્ડિયાના એમ.ડી. કિન્ચી આયુકાવાએ મારુતિ સુઝૂકીના ગુજરાત પ્રોજેક્ટ્સ વિશે મુખ્યમંત્રીશ્રીને માહિતગાર કર્યા હતા. તેમણે ગાંધીનગરમાં સેન્ટર ઓફ એકસલન્સ અને રાજ્યમાં હાલ મારુતિ દ્વારા ૧૬ હજાર કરોડના રોકાણની પણ વિગતો મુખ્ય પ્રધાનને આપી હતી. મુખ્ય પ્રધાને તેમને રાજ્ય સરકારના સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી અને ખાસ કરીને સ્થાનિક રોજગારી માટે તેમના પ્રોજેક્ટ ઉપયોગી બને તેવો પણ અનુરોધ કર્યો હતો. આ સાથે મુખ્ય પ્રધાને મારુતિ સુઝૂકી ઈન્ડિયાના એમ.ડી. કિન્ચી આયુકાવાને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતનું પણ આમંત્રણ આપ્યું હતું.

મુખ્ય પ્રધાને મારુતિ સુઝૂકી ઇન્ડિયાના એમડી કિન્ચી આયુકાવા ઉપરાંત અવાડા એનર્જી પ્રાયવેટ લિમિટેડના ચેરમેન વિનીત મિત્તલ, પી. આઇ. ઇન્ડસ્ટ્રીના એમ.ડી. અને વાઈસ ચેરમેન મયંક સિંઘલ, જે.સી.બી.ના સી.ઇ.ઓ. દીપક શેટ્ટી, અર્બન કંપનીના સી.ઇ.ઓ. અભિરાજ સિંહ ભાલ, ડી.સી.એમ. શ્રીરામ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન અને સિનિયર એમ.ડી. અજય



શર્મા તેમજ ઑયો હોટેલ્સ એન્ડ હોમ્સના સંચાલકોની સાથે વન ટુ વન બેઠક કરી હતી. અવાડા એનર્જી પ્રાયવેટ લિમિટેડના ચેરમેન વિનીત મિત્તલ સાથે થયેલી બેઠકમાં શવિનીત મિત્તલે આવનારા પાંચ વર્ષોમાં બિનપરંપરા ગત ઊર્જા સેક્ટરમાં ૨૦ હજાર કરોડના તેમના રોકાણ આયોજનમાં ગુજરાતનો પણ સમાવેશ કરવા ઉત્સુકતા વ્યક્ત કરી હતી. જ્યારે ઑયો હોટેલ્સ એન્ડ હોમ્સના સંચાલકોએ ગુજરાતમાં ૭૫૦ હોટલ સાથે તેઓ સંકળાયેલા છે અને સાડા સાત હજાર લોકોને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રોજગારી તેઓ પૂરી પાડે છે તેની વિગતો ભૂપેન્દ્ર પટેલને આપી હતી. એટલું જ નહીં, સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે હોમ સ્ટે અને અન્ય સ્થળોએ પણ તેમના ગ્રુપ દ્વારા સહભાગિતા થકી વધુ રોજગાર અવસર ગુજરાતમાં પૂરા પાડવા તેઓ પ્રયાસરત છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

પી. આઇ ઇન્ડસ્ટ્રીના એમ.ડી અને વાઈસ ચેરમેન મયંક સિંઘલે આ બેઠકમાં કહ્યું હતું કે, પી.આઇ ઝડપથી વિકસી રહેલી કૃષિ વિજ્ઞાન કંપની છે અને ગુજરાતમાં પાનોલી જંબુસરમાં પોતાના અતિ આધુનિક ઉત્પાદન એકમો ધરાવે છે.

આ બેઠકમાં તેમણે આગામી વાઈબ્રન્ટમાં જોડાવા અને રોકાણ માટે તેમણે પણ તત્પરતા દર્શાવી હતી.

આ ઉપરાંત જે.સી.બીના સી.ઇ.ઓ દીપક શેટ્ટીએ ગુજરાતમાં હાલોલ ખાતે ૬૫૦ કરોડના રોકાણ સાથે ૧૧૦૦ લોકોને રોજગાર અવસર આપતો પ્લાન્ટ આગામી એપ્રિલ ૨૦૨૨ સુધીમાં શરૂ કરવાનું આયોજન મુખ્ય પ્રધાન સમક્ષ વ્યક્ત કર્યું હતું.

જ્યારે અર્બન કંપનીના સી.ઇ.ઓ. અભિરાજ સિંહ ભાલે કહ્યું કે, અર્બન કંપની એશિયાનું સૌથી મોટું ઓન લાઈન સર્વિસ પ્લેટફોર્મ છે. દેશના ૫૦ શહેરો અને ગુજરાતના અમદાવાદ, વડોદરા, સુરત-રાજકોટ અને ગાંધીનગરમાં તેમની કંપની સેવાઓ આપે છે.

તેમણે આગામી વાઈબ્રન્ટ સમિટમાં રાજ્ય સરકાર સાથે સ્કિલિંગ પ્રોગ્રામ તેમજ આઇ.ટી.આઇના વિદ્યાર્થીઓ સહિત યુવાઓને આ ઓનલાઈન હોમ સર્વિસ પ્લેટફોર્મ દ્વારા રોજગારી પૂરી પાડવાની ઈચ્છા દર્શાવી હતી.

ડી.સી.એમ શ્રીરામ ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન અને સિનિયર એમ.ડી. અજય શર્માએ ગુજરાતમાં તેમના વર્તમાન વ્યવસાય રોકાણને વધારવાની ઉત્સુકતા વ્યક્ત કરી હતી. ■

## રાજકોટમાં ગાઢ ધુમ્મસ છવાયું

### વાહનચાલકોને હેડલાઈટ ચાલુ રાખવાની ફરજ પડી



(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજકોટના જિલ્લાઓમાં તાપમાનનો પારો ગગડતા ગુલાબી ઠંડીનો અહેસાસ સાથે શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. રાજકોટ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ સવારના ૯ વાગ્યા સુધી ૧૦૦ ફૂટ દૂર વસ્તુ કે વાહન ન દેખાય તેવું ગાઢ ધુમ્મસ છવાયું હતું. શિયાળાની આ વર્ષની સિઝનનું સૌપ્રથમ વખત આજે ગાઢ ધુમ્મસ છવાયું હતું. આથી હાઈવે અને શહેરમાં વાહનચાલકોએ ફરજીયાત હેડલાઈટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજકોટના શહેર અને હાઇવે વિસ્તારમાં આજે પરોઢીયેથી માંડી સવારના ૯ વાગ્યા સુધી ગાઢ ધુમ્મસ છવાતા લોકોએ આહલાદક વાતાવરણનો અનુભવ કર્યો હતો. સવારમાં ધુમ્મસની ચાદર છવાતા રોડ-રસ્તા ઉપર દૂરથી જોવાનું મુશ્કેલ બન્યું હતું. ગાઢ ધુમ્મસના પગલે નયનરમ્ય વાતાવરણ સર્જાયું હતું. જોકે સૂર્ય દેવતાએ દર્શન દેતા વાતાવરણ સ્વચ્છ બન્યું હતું. જેના કારણે સવારે ઠેર-ઠેર ઠંડીનો પણ અહેસાસ થયો હતો.

જ્યારે સૌરાષ્ટ્રમાં સૌથી ઓછુ તાપમાન જામનગરમાં નોંધાયુ હતું. તેમજ રાજકોટમાં લઘુતમ તાપમાન ૧૬ ડિગ્રી, અમરેલીમાં ૧૭, ભુજમાં ૧૮ ડિગ્રી, નલિયામાં ૧૫.૨ ડિગ્રી, દિવમાં ૧૯ ડિગ્રી, દ્વારકામાં ૨૦.૫ ડિગ્રી, અને સુરેન્દ્રનગરમાં ૧૬.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ■

## અમદાવાદના દરિયાપુરમાં વીજચોરી પકડવા ગયેલી ટીમ પર લોકોનો હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના દરિયાપુર વિસ્તારમાં ગેરકાયદે વીજજોડાણ અને વીજચોરી બાબતે ટોરેન્ટ પાવરે દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં મેગા સર્ચ ઓપરેશન દરમિયાન ગેરકાયદેસર વીજ જોડાણ ઝડપાતા જ સ્થાનિક લોકો ઉશ્કેરાયા હતા, અને ટોરેન્ટના અધિકારીઓ તથા પોલીસકર્મીઓ પર પથ્થમારો કર્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના દરિયાપુર વિસ્તારમાં મોટાપાયે વીજ ચોરી થતી હોવાનું ટોરન્ટના ધ્યાનમાં આવ્યું હતું. તેથી જ વીજ ચોરી અને ગેરકાયદેસર વીજ જોડાણ તપાસવા માટે ઉચ્ચ પોલીસના અધિકારીઓ સહિત ૨૦૦ પોલીસના કાફલા સાથે ટોરેન્ટ પાવરમાં ૨૦ અધિકારી સહિત ૧૫૦ થી વધારે કર્મચારીઓ દ્વારા રેડની કવાયત હાથ ધરાઈ હતી. દરિયાપુર વિસ્તારમાં ટોરેન્ટના મેગા સર્ચ ઓપરેશન દરમિયાન મોટાપાયે ગેરકાયદેસર વીજ જોડાણ ઝડપાયું હતું. પરંતુ વીજ ચોરોએ પોતાની પોલ ખૂલી જતા તંબુ ચોકી પાસે નગીના પોળમાં સ્થાનિક લોકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો. આ સમયે મોટો પોલીસ કાફલો હોવા છતાં વીજ કંપનીના કર્મચારીઓની કામગીરી મુશ્કેલીમાં મુકાઈ હતી. આ પથ્થરમારામાં ટોરેન્ટના ચાર અને પોલીસના ચારથી વધુ કર્મચારી ઘાયલ થયા હતા. પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

## અમદાવાદમાં પેઈન્ટ બ્રશ બનાવવા ૧૦ હજાર નોળિયાને મારી નંખાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગેરકાયદેસર રીતે પ્રાણીઓની હેરાફેરી કરીને તેમને વેચવામાં આવતા હોય બનાવોમાં વધારો થઇ રહ્યો છે ત્યારે હવે અમદાવાદ શહેરના ઈશનપુરમાં નોળિયાને મારી નાંખી તેની પુંછડી અને શરીર પરના વાળનો ઉપયોગ પેઈન્ટ બ્રશ બનાવવાનું કૌભાંડ પકડાયુ હતું. વનવિભાગે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી. રાજ્યના વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યૂરોના વેસ્ટ રીજનલ ડેપ્યુટી ડિરેક્ટર યોગેશ વારખડને કેટલાક શખસો અમદાવાદના સરસપુર વિસ્તારમાં એક જાણીતી ઈન્ડસ્ટ્રીઝમાં નોળિયાના શરીર પરના વાળમાંથી બનેલા પેઈન્ટ બ્રશ બનાવવાનું અને તેનું વેચાણ થતું હોવાની માહિતી મળી હતી. જેના આધારે વાઈલ્ડલાઈફ ક્રાઈમ કંટ્રોલ બ્યૂરો અને રાજ્યના વન વિભાગે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. કારખાનાના માલિક પ્રતીક પાસે ડમી ગ્રાહક મોકલતા અલગ અલગ રેન્જના બ્રશ બતાવ્યા હતા, જેમાં ૧૦૦ મિમી સુધીની સાઈઝ હતી અને એ માટે ૩૦૦થી ૬૦૦ રૂપિયાના ડઝનનો હોલસેલ ભાવ આપ્યો હતો. તે દરમિયાન ટીમે છાપો મારી તેમની પાસેથી કુલ. કુલ ૭૬૦૫ પેઈન્ટ બ્રશ કબ્જે કરી ગુનો નોંધી ધરપકડ કરી લીધી હતી.

જ્યારે વન વિભાગના જણાવ્યા અનુસાર નોળિયો શિડયૂલ-૨ અંતર્ગતનું વન્યજીવ હોવાથી તેને કેદ તેમજ તેનાં અંગોનું વેચાણ પ્રતિબંધિત છે. ત્યારે આ બ્રશ બનાવવા માટે ઓછામાં ઓછા ૧૦,૦૦૦ નોળિયાની હત્યા કરવી પડે. આટલા પ્રમાણમાં નોળિયાનો શિકાર ક્યાં કર્યો એ અંગે પૂછવામાં આવતા પ્રતીકે એ કબૂલાત કરી હતી કે ઉત્તર પ્રદેશના કેટલાક શખસોના સંપર્કમાં હતો, જે નોળિયાનો શિકાર કરીને વાળ સપ્લાય કરતા હતા જેમાંથી બ્રશ બનતા હતા અને તે વેચતો હોવાનું જણાવ્યુ હતું. ■

## સુરત કાપડ ઉદ્યોગમાં જીએસટી દર વધારાથી નારાજગી

### કેન્દ્રમાં કરશે રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરતઃ કેન્દ્ર સરકારે તાજેતરમાં જ કાપડ પર વધારેલા જીએસટીના દરથી ખાસ કરીને ગુજરાતની ટેક્સટાઇલ નગરી સુરતના કાપડ ઉદ્યોગમાં નારાજગી ફેલાઇ છે. પાંચ ટકાથી વધારીને ૧૨ ટકાનો જીએસટી લદાતા કાપડ ઉદ્યોગકારો કેન્દ્ર સરકારને રજૂઆત કરશે. કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલયે કાપડ ઉદ્યોગ માટે જીએસટીના દર ૫ ટકાથી વધારીને ૧૨ ટકા કરતા સુરતના કાપડ ઉદ્યોગકારોએ દર ઘટાડવાની માગણી સાથે તાજેતરમાં જ બેઠક યોજી હતી. આ બેઠકમાં તમામ વિવિંગ સંગઠનોએ આ ફેરફારને આત્મઘાતી પગલું ગણાવ્યું હતું. શહેરના પચીસ વિવિંગ સંગઠનો આ મામલે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્ર સરકારના કોમર્સ મંત્રાલયને રજૂઆત પણ કરશે. જો સરકાર દ્વારા જીએસટી દર ફરીથી ૫ ટકા નહીં કરવામાં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી પણ વિવિંગ સંગઠનો દ્વારા ઉચ્ચારવામાં આવી છે. કાપડ ઉદ્યોગકારોનું કહેવું છે કે જીએસટી, નોટબંધી અને કોરોનામાંથી નિકળીને ટેક્સટાઈલ ઉદ્યોગ ફરી પાટા પર ચડી રહ્યો છે ત્યારે સરકારે આ પગલું ભરતાં ટેક્સટાઈલ ઉદ્યોગ માટે સંકટ ઊભું થયું છે. ફોગવાની મળેલી મિટિંગમાં પચીસ વિવિંગ સંગઠનોના આગેવાનો મળ્યા હતાં અને સરકારના આ પગલાને વખોડ્યું હતું. સરકાર દ્વારા આ નિર્ણય પરત લેવામાં આવશે નહીં તો તેનો ઉગ્ર વિરોધ કરવામાં આવશે. ■

## નવસારી યુવતી આપઘાત કેસમાં આખરે બે શકમંદ પકડાયા

### મૃતકની સાઈકલ સાથે સિક્યુરિટી ગાર્ડ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારીની યુવતીના દુષ્કર્મ અને આપઘાત કેસમાં પોલીસને આખરે સુરત રેલવે સ્ટેશન પરથી યુવતી સાથે ફોન પર વાત કરનારા શખસની અટકાયત કરી છે તેમ જ આ અગાઉ વડોદરામાં ગેંગરેપના સ્થળેથી ગુમ થયેલી મૃતક યુવતીની સાઈકલ સાથે બે સિક્યુરિટી ગાર્ડની પણ અટકાયત કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર નવસારી યુવતીના આપઘાતની ઘટનાની તપાસમાં તેની સાથે દુષ્કર્મ પણ આચરવામાં આવ્યું હોવાનો ઘટસ્ફોટ થયો હતો. બીજી બાજુ વડોદરા અને અમદાવાદ સહિતની પોલીસ બાદ સીટની પણ તપાસ શરૂ કરવામાં આવતા હવે ધીમે ધીમે આખી ઘટના પરથી પરદો ઊંચકાઇ રહ્યો છે. આપઘાત કરતા પહેલા યુવતીએ સુરત રેલવે સ્ટેશન પરથી ઈમરાન નામના યુવકને ફોન કર્યો હોવાનું પણ તપાસમાં ખૂલ્યું હતું.

યુવતીએ ઈમરાન સાથે નોકરી બાબતે વાતચીત કરી હતી. યુવતીએ સુરત ડોમિનોઝ પીઝામાં પણ કોલ કરી નોકરી મેળવવા શું કરી શકાય તે વિશે પણ પૂછપરછ કરી હતી.

યુવતી સાથે ૩૬ સેકન્ડ વાત કરનાર ઇમરાનની પોલીસે અટકાયત કરી છે. ઈમરાન છેલ્લા ઘણા સમયથી કર્ણાટકમાં હતો. ત્યારે હાલ ઈમરાન કોણ છે અને તેના પીડિતા સાથે કેવા સંબંધ છે તે દિશામાં રેલવે પોલીસ કામ કરી રહી છે. યુવતી મહારાષ્ટ્ર તરફ જતી ટ્રેનમાં બેસી હતી, તો શું યુવતી ઈમરાનને મળવા જતી હતી તે દિશામાં પણ પોલીસ કામ કરી રહી છે. સાથે જ ઈમરાનનો ઓએસિસ સંસ્થા સાથે કોઈ સંબંધ છે કે નહિ તેની પણ તપાસ કરાશે.

આ ઉપરાંત પીડિતાની ગુમ થયેલી સાઈકલ સાથે ખાનગી સિક્યોરિટી ગાર્ડ મહેશ રાઠવાને પકડી પાડવામાં આવ્યો છે. પોલીસે વડોદરાના ઓપી રોડ પર મલ્હાર પોઇન્ટ પાસેની સોસાયટીમાં રહેતા સિક્યુરિટી ગાર્ડને પીડિતાની સાઇકલ સાથે ઝડપી લીધો અને તેની ખરાઇ કરાવતાં તે પીડિતાની સાઈકલ જ હોવાનું સામે આવ્યું છે. પુનિત નગરના બંધ બંગલાના પરિસરમાં સિક્યુરિટી ગાર્ડે યુવતીની સાઈકલ છુપાવી હતી. સિક્યુરિટી ગાર્ડ મહેશ રાઠવાએ જ સાઈકલ ઝાડ નીચે કચરામાં છુપાવી હતી. યુવતી સાઈકલ લઈને જતી હતી ત્યારે રિક્ષા ચાલકોએ સાઈકલને ટક્કર મારીને તેને નીચે પાડી દીધી હતી.

તેના બાદ યુવતી સાથે વેક્સિન મેદાન ખાતે દુષ્કર્મ થયું હતું. તે જ જગ્યાએથી સિક્યુરિટી ગાર્ડ યુવતીની સાયકલ ઉઠાવી ઘરે લઈ ગયો હતો. સિક્યુરિટી ગાર્ડની દીકરી સાઈકલ લઈને ફરતી હોવાના દૃશ્યો પણ પોલીસને મળેલા જે આસપાસના સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. મહેશ રાઠવાની પત્નીએ પોલીસ સામે સ્વીકાર્યું કે, તેનો પતિ સાઈકલ ચોરી ઘરે લાવ્યો હતો. ચોરીની સાઈકલ હોવાના કારણે સાઈકલના બંને ટાયર છુટા કરી સંતાડી દીધા હતા.

રેલવે એસપી પરીક્ષિતા રાઠોડે જણાવ્યું હતું કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બહાર આવ્યું છે કે, યુવતી પર રેપ થયો છે અને તેના હાથ-પગ અને સાથળના ભાગે ઇજાના નિશાનો જોવા મળ્યા છે, ઓરલ એવિડન્સ મળ્યા છે કે યુવતી પર રેપ થયો છે પણ બનાવનો દિવસ અને મેડીકલ તપાસના દિવસ વચ્ચે સાત આઠ દિવસનો ગાળો હોવાથી મેડિકલ પુરાવા મળી ન શકે. ■

## અમદાવાદનો સાઈકલ ટ્રેક પ્લાન દસ વર્ષે પણ ઓફ ટ્રેક

### કરદાતાઓના કરોડો નાણાં વેડફાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાઈકલિંગ એક સારી કસરત છે, પરંતુ અમદાવાદ મ્યુનિસિપાલિટી (એએમસી)ની શહેરમાં સાઈકલ ટ્રેક બનાવવાની કસરત માત્ર કરદાતાઓના પૈસાનો વેડફાટ સાબિત થઈ રહી છે. લગભગ દાયકા પહેલા ૧૩૨ ફીટ રિંગરોડ ખાતે કેશવ બાગ અને જીએડીસી ગ્રાઉન્ડ વચ્ચે પહેલો સાઈકલ ટ્રેક બનાવવામાં આવ્યો હતો. આ માટે એએમસીએ ૨૨.૭૦ કરોડની ફાળવણી કરી હતી. જેમાંથી રૂ. ૫.૫૦ કરોડ બોડકદેવ ખાતે ત્રણ સાઈકલ સ્ટેન્ડ બનાવવામાં વપરાયા હતા, પરંતુ તેનો કોઈ ઉપયોગ થયો નથી અને હાલમાં તે ટૂ-વ્હિલરના પાર્કિંગ સ્ટેન્ડ બની ગયા છે.

હવાનું પ્રદૂષણ ઓછું થાય અને સ્વાસ્થ્ય પણ જળવાય તે માટે આ પ્રોજેક્ટને સ્માર્ટ સિટી અંતર્ગત પણ ફંડ મળ્યું હતું.

પહેલા જ સાઈકલ ટ્રેકની ડિઝાઈન ભૂલભરેલી હતી. અહીં વીજળીના થાંભલા અને સોસાયટીના પ્રવેશદ્વાર હોવાથી સાઈકલ ચલાવનારને ઘણાં અવરોધ નડતા હતા. જેઓ જરૂરિયાત માટે સાયકલ ચલાવે છે તેઓ મુખ્ય રસ્તાઓ પર જ ચલાવે છે. કસરત માટે સાઈકલિંગ કરવા આવનારાની સંખ્યા ઓછી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદ પૂર્વ વિસ્તારમાં સાઈકલનો વધારે ઉપયોગ થાય છે જ્યારે એએમસીએ પહેલો સાઈકલ ટ્રેક પશ્ચિમ અમદાવાદમાં બનાવ્યો, જેને સારો પ્રતિસાદ ન મળતા હવે લગભગ આ પ્રોજેક્ટ પાછો ખેંચી લેવામાં આવ્યો છે. જોકે આ મામલે એમએમસીએ સત્તાવાર રીતે કંઈ જણાવ્યું ન હતું. ■

## બીએસઈમાં રજિસ્ટર કરનારા ગુજરાતના રોકાણકારોની સંખ્યા એક કરોડને આરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક સમયે સટ્ટો માનવામાં આવતા શેર માર્કેટમાં રોકાણ કરનારાઓની સંખ્યા આજે કરોડોમાં છે. શેર માર્કેટમાં સેન્સેક્સ ભલે ચડે ને પડે, પરંતુ ગુજરાતના રોકાણકારોની સંખ્યા સતત વધતી જાય છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં ગુજરાતના રજિસ્ટર્ડ રોકાણકારોની સંખ્યા એક કરોડ સુધી પહોંચવાની તૈયારીમાં છે. બીએસઈમાં યુનિક ક્લાઈન્ટ કોડસ મેળવેલા ગુજરાતના રોકાણકારોની સંખ્યા ૯૯,૬૬,૧૦૪ લાખ થઈ ગઈ છે. મહારાષ્ટ્ર બાદ આ સૌથી મોટી સંખ્યા છે, તેમ બીએસઈના આંકડા જણાવે છે. ગયા મહિનામાં જ ૨.૪૨ લાખ નવા રોકાણકારોએ રજિસ્ટર કરાવ્યું છે, તે જોતા એક કરોડનો આંકડો આવનારા ગણતરીના દિવસોમાં પાર થઈ જશે, તેમ નિષ્ણાતોને લાગી રહ્યું છે. આ રોકાણકારોમાં વ્યક્તિગત રોકાણ કરતા, સંસ્થા તરીકે રોકાણ કરતા અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરતા રોકાણકારોનો સમાવેશ થાય છે.

કોરોનાની મહામારી બાદ ગુજરાતના રોકાણકારોમાં ૩૧.૩૫ ટકાનો વધારો નોંધાયો હતો. ગયા એક વર્ષમાં ગુજરાતમાંથી ૨૩.૮૮ લાખ નવા રોકાણકારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. હાલમાં બીએસઈના કુલ ખાતાધારકોમાંથી ૧૧ ટકા ગુજરાતના ખાતાધારકો છે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રમાં ૧૮૨ કરોડ, ગુજરાતમાં ૯૯ લાખ, ઉત્તર પ્રદેશમાં ૭૦ લાખ, કર્ણાટકમાં ૫૧ લાખ અને તમિળનાડુમાં ૪૯ લાખ રોકાણકારો છે, જેમનું બીએસઈમાં રજિસ્ટ્રેશન છે. બીએસઈમાં કુલ ૮.૬૯ કરોડ ખાતા રજિસ્ટર થયેલા છે. ■

### શું કહે છે બીએસઈ?

બીએસઈ સાથે જોડાઈના રોકાણ કરનારાની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, પરંતુ દેશની જો ૫૦ કરોડ જનતાને પણ શિક્ષિત અને નાણાકીય બાબતોમાં રૂચિ અને જ્ઞાન ધરતી માનીએ તો પણ કુલ ખાતાધારકોનો આંકડો સાડાઆઠ કરોડ આસપાસ જ છે ત્યારે આજના સમયમાં પણ સ્ટોક માર્કેટ મર્યાદિત લોકો સુધી જ પહોંચી શક્યું છે. આ અંગે વાતચીત કરતા બીએસઈના સીઈઓ-એમડી આશિષ ચૌહાણે મુંબઈ સમાચાર સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે બીએસઈ દરેક સ્તરે પ્રયત્ન કરી રહ્યું છે કે ભારતના આર્થિક વિકાસમાં લોકો જોડાય. ગયા ૧૮ મહિનામાં ૩.૫ નવા રોકાણકારો બીએસઈ સાથે જોડાયા છે. આ સાથે મ્યુચ્યુઅલ ફંડના રસ્તેથી સ્ટોક માર્કેટમાં રોકાણ કરનારાઓની સંખ્યા પણ ઘણી મોટી છે. આથી ઔપચારિક રીતે સ્ટોક માર્કેટ સાથે જોડાયેલા લોકોમાં વધારો થયો છે. સામાન્ય જનતામાં સ્ટોક માર્કેટ અંગેની સમજ વિકસાવવામાં અને સરળ તેમ જ ઝડપી સિસ્ટમ આપવાના તમામ સંભવ પ્રયત્ન બીએસઈ કરી રહ્યું છે. તાજેતરમાં જ ફાલ્ગુની નાયરે સ્ટોક માર્કેટમાં ધમાકો કર્યો હતો ત્યારે મહિલા રોકાણકારોની સંખ્યા વિશે તેમણે જણાવ્યું હતું કે અમે સ્ત્રી-પુરુષ એમ અલગ અલગ માહિતી રાખતા નથી, પરંતુ મહિલાઓ આ ક્ષેત્રને સમજે અને તેમાં ઝંપલાવે તે માટે અલગ અલગ વર્કશોપ યોજીએ છીએ.

ભારતમાં હાલમાં અલગ-અલગ મોબાઈલ એપ્સનો ઉપયોગ કરી શૅરબજારમાં રોકાણ કરવાનો ટ્રેન્ડ વધ્યો છે અને પારંપરિક રીતે શેરબ્રોકરની સલાહ લેવાનું ચલણ ઘટી રહ્યું છે અને ઘણા કેસમાં આ જોખમી સાબિત થાય છે, તેમ પૂછવામાં આવતા ચૌહાણે જણાવ્યું હતું કે દેશમાં સ્ટોક એક્સચેન્જમાં થતાં તમામ રોકાણો સ્ટોક બ્રોકર દ્વારા જ થાય છે. લોકો બ્રોકરની જ એપ ઉપયોગમાં લેતા હોય છે. ઓર્ડર બ્રોકરના જ કમ્પ્યુટરથી એક્સચેન્જની સિસ્ટમમાં લેવામાં આવે છે. તેઓ રોકાણકારો માટે રિસ્ક મેનેજમેન્ટ, સેટલમેન્ટ જેવી પ્રવૃત્તિઓ પણ કરે છે. અમે વારંવાર નાના અને રિટેલ રોકાણકારોને સલાહ આપીએ છીએ કે માર્કેટના ઉતાર-ચઢાવના વહેણમાં વિચાર્યા વિના વહેવું નહીં, પેની સ્ટોકમાં રોકાણ ન કરવું, અપાત્ર લોકો પાસેથી સલાહ ન લેવી. સારી કંપનીઓ અથવા મ્યુચ્યુઅલ ફંડના માધ્યમથી સ્ટોકમાં રોકાણ કરવામાં આવે. સાતત્યપણે આગળ વધતી કંપનીઓ જ પસંદ કરવી અને આ ક્ષેત્રને સમજયા વિના ગમે તેમ રોકાણ કરવું ન જોઈએ. આઈપીઓમાં રોકાણ અંગે તેમણે જણાવ્યું હતું કે બીએસઈ આઈપીઓમાં રોકાણ કરવા કટિબદ્ધ છે. અમે તમામ રોકાણકારો માટે વિશ્વાસનીય પદ્ધતિથી તમામ અસેટ્સ ક્લાસમાં ટ્રેડિંગ કરવા માગીએ છીએ. રોકાણકારો પણ આ વિષય માટે આવો જ દૃષ્ટિકોણ ધરાવે છે તેમ હું માનું છું. ■

## જાન્યુઆરીમાં ગિફ્ટ સિટીમાં બુલિયન એક્સચેન્જ ધમધમશે

ગાંધીનગર શહેરમાં બની રહેલા ગિફ્ટ સિટીમાં બુલિયન એક્સચેન્જ જાન્યુઆરી મહિનાથી શરૂ થશે. જાન્યુઆરી ૧૦-૧૨ દરમિયાન વાયબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન આ એક્સચેન્જ શરૂ થાય તેવી પૂરી સંભાવના છે.

એક્સચેન્જ પહેલી ઓક્ટોબરથી જ કાર્યરત કરવાની તૈયારીઓ ચાલી રહી હતી. ટ્રાયલ રન અને મોક ઓપરેશન

કરવામાં સરળતા રહે. બુલિયન એક્સચેન્જ શરૂ થયા બાદ સોનાબજારની દૃષ્ટિએ ભારતમાં ધરખમ ફેરફાર જોવા મળશે, તેમ માનવામાં આવે છે. ■

## ગુજરાતમાં ૭થી ૯મી ડિસેમ્બરે કાતિલ ઠંડી પડશે

### કમોસમી વરસાદની પણ આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પાછોતરા વરસાદને અંતે દિવાળીએ શરૂ થયેલા ઠંડા પવનો સાથેના શિયાળાની શરૂઆત બાદ કમોસમી વરસાદ શરૂ થયો હતો. જોકે હજુ પણ માવઠાની આગાહી યથાવત્ છે. આગામી ૭મી ડિસેમ્બરથી રાજ્યમાં કડકડતી ઠંડી સાથે શિયાળાની અસલી ઠંડીનો લોકોને અહેસાસ થશે એવો વર્તારો હવામાન ખાતાએ આપ્યો છે. જોકે આ સમય ગાળા દરમિયાન માવઠાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન નિષ્ણાતોના વર્તારા અનુસાર ડિસેમ્બર મહિનામાં બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણના લીધે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં માવઠું થવાની સંભાવના છે. ડિસેમ્બરની શરૂઆતમાં જ હવાના હળવા દબાણની અસરથી દેશના ઘણા ભાગોમાં વરસાદી વાતાવરણ જોવા મળી શકે છે. ડિસેમ્બરમાં આવનાર ભર શિયાળે માવઠાથી જીરાં, ચણા સહિતના પાકને ભારે નુકસાન થઈ શકે છે. જો કે હવે ધીરે ધીરે ઠંડીનો ચમકારો પણ વધી રહ્યો છે. જેથી ૭થી ૯મી ડિસેમ્બરે કાતિલ ઠંડી પડવાની સંભાવના છે. જ્યારે ૧૯મી ડિસેમ્બરથી વાતાવરણમાં પલટો આવી શકે છે. પરંતુ ૨૨ મી ડિસેમ્બરથી દેશના ઉત્તરીય-પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા અને ગાત્રો થીજવતી ઠંડીની પડવાની શક્યતા છે. ■

## અમદાવાદમાં સ્કૂલ વેનચાલકોએ ચાર્જમાં રૂ. ૨૦૦ વધાર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક તો બે વર્ષ બાદ સ્કૂલ ખૂલી છે અને ફીમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી ત્યારે હવે સ્કૂલ વેન, રિક્ષાચાલકોએ ચાર્જમાં વધારાની જાહેરાત કરતા આર્થિક સંકડામણ અનુભવતા માતા-પિતા પર વધારે બોજ આવ્યો છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ હાલમાં સ્થિર હોવા છતાં સ્કૂલ વેનના રૂ.૨૦૦ અને સ્કૂલરિક્ષાના રૂ. ૧૦૦ વધારવાનો નિર્ણય સ્કૂલ વરધી એસોસિયેશને લીધો હતો. આમ થવાથી વેનમાં જતા બાળકો માટે મહિને રૂ. ૧૦૦૦ અને રિક્ષામાં જતા બાળકો માટે રૂ. ૬૫૦ માતા-પિતાએ ખર્ચવા પડશે. એસોસિયેશનના કહેવા અનુસાર દર ત્રણ વર્ષે વેન ફી વધારવામાં આવે છે. આ વર્ષે સાડાત્રણ વર્ષે ફી વધારવામાં આવી છે. જોકે છેલ્લાં બે વર્ષથી સ્કૂલો બંધ હોવાથી બાળકો ગયા જ નથી. એકથી પાંચ ધોરણના વર્ગો શરૂ થયા છે. ■